અપીલ અરજી નં.૨૧૯ તા.૧૫–૧૦–૦૯ /૧૦

અરજદારઃ શ્રી મોહંમદ સલીમ અ.મજીદ શેખ લોન્ડ્રીવાલા
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહંમદ સલીમ અ.મજીદ શેખ લોન્ડ્રીવાલાની તા.૧૮–૮–૦૯ની અરજીથી (૧) સગરામપુરા નવીઓલી એસ.એમ.સી વોર્ડ ઓફિસ સામે વી.કે. મોબાઈલ અને વી.કે.યાર્નની ઓફિસ માલિકીની જગ્યામાં બાંધેલ છે કે દબાણ કરેલ છે (૨) જો દબાણ કરેલ હોય તો તે હટાવવામાં કેમ નથી આવતી? (૩) દુકાનની બાજુમાં આવેલ કોમન ગલીમાં લાકડાનું ગોડાઉન બનાવવા એસએમસી એ કોઈ પરવાનો આપેલ છે કે કેમ? (૪) જો ન આપેલ હોય તો દબાણ કેમ દુર કરવામાં આવતું નથી. (૫) લાકડાનું ગોડાઉન હોય તો અકસ્માતે કોઈ બનાવ બનશે તેની જવાબદારી કોની? વિગરેને માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજુકરની તા.૧૫–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૧૯/૨૦૦૯–૧૦

શ્રી મોહંમદ સલીમ અ.મજીદ શેખ લોન્ડ્રીવાલાની તા.૧૮–૮–૦૯ની અરજીથી સગરામપુરા, નવી ઓલી, એસ.એમ.સી વોર્ડ ઓફિસ સામે, વી.કે. મોબાઈલ અને વી. કે. યાર્નની ઓફિસની માલિકી જગ્યામાં બાંધેલ દબાણ તથા લાકડાના ગોડાઉનની પરવાનગી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી બાબતે સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૭૯૫ તા.૧૪–૯–૦૯ થી મળેલો પ્રતિભાવ ચોકકસ અને સંતોષકારક મળેલ નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૨ તા.૨૭–૧૦–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ આ.૧૦૯૧ તા.૧૩–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની તા.૧૮–૮–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ સગરામપુરા નવીઓલી એસ.એમ.સી વોર્ડ ઓફિસ સામે વી.કે. મોબાઈલ અને વી.કે.યાર્નની ઓફિસ માલિકીની જગ્યામાં બાંધેલ છે કે દબાણ કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેનો ઉપલબ્ધ સંબંધિત દફતરી રેકર્ડ ચકાસતાં સગરામપુરા, નવી ઓલી મ્યુ. વોર્ડ ઓફિસ સામે આવેલ વી.કે. મોબાઈલ તથા વી.કે.યાર્ન નામની ઓફિસની માલિકી અંગે અત્રે કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોવાનું જણાતુ નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ જો દબાણ કરેલ હોય તો તે હટાવવામાં કેમ નથી આવતી? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્ન માહિતીના અધિકાર અધિનિયમની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતો નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩ દુકાનની બાજુમાં આવેલ કોમન ગલીમાં લાકડાનું ગોડાઉન બનાવવા એસએમસી એ કોઈ પરવાનો આપેલ છે કે કેમ? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ સંબંધિત દફતરી રેકર્ડ ચકાસતાં દુકાનની બાજુમાં આવેલ કોમન ગલીમાં લાકડાનું ગોડાઉન બનાવવા સુરત મહાનગરપાલિકાએ કોઈ પરવાનો આપેલ હોવાનો રેકર્ડ અત્રે ઉપલબ્ધ હોવાનું જણાતુ નથી. મુદ્દા નં.૪ જો ન આપેલ હોય તો દબાણ કેમ દુર કરવામાં આવતું નથી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્ન માહિતીના અધિકાર અધિનિયમની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતો નથી. એવુ જણાવેલ. મુદ્દા નં.૫ લાકડાનું ગોડાઉન હોય તો અકસ્માતે કોઈ બનાવ બનશે તેની જવાબદારી કોની? જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્ન માહિતીના અધિકાર અધિનિયમની વ્યાખ્યામાં સમાવિષ્ટ થતો નથી. તેવી માહિતી પૂરી પાડેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૫–૧૦–૦૯ થી માંગેલ માહિતી ચોકકસ અને સંતોષકારક મળેલ નથી તેવુ જણાવી અપીલ અરજી કરેલ છે. પરંતુ અરજદારે અપીલ સાથે માહિતી બાબતે અસંતોષ છે તેના આધાર કે વ્યાજબીપણું રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૮–૦૯ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મોહંમદ સલીમ અ.મજીદ શેખ લોન્ડ્રીવાલા